Date:- 05-09-2024
Sandesh, Page-05, Surat

### વડોદરા સહિત ભારે વરસાદથી થયેલા નુકસાનની સમીક્ષા થશે

# PM મોદીનું બે રાત્રી રોકાણ, ગાંધીનગરથી ગિફ્ટ સિટી- મોટેરા મેટ્રોનું લોકાર્પણ કરશે

## બે દિવસમાં ચાર કાર્યક્રમો, રાજકીય અને વહીવટી પાંખ સાથે બેઠક શક્યતાને પગલે તંત્ર એલર્ટ

। ગાંધીનગર ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫થી ૧૭ સપ્ટેમ્બર ગુજરાતના પ્રવાસે છે. ત્રીજી વખત વડાપ્રધાનપદ સંભાળ્યા બાદ પહેલીવાર ગુજરાત આવી રહેલા નરેન્દ્ર મોદી ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર એમ બે દિવસ રાજભવનમાં રાત્રી રોકાણ કરશે. બે દિવસમાં તેમના કુલ ચાર કાર્યક્રમ નક્કી થઈ રહ્યા છે. આ દરમિયાન તેઓ વડોદરામાં પુર સહિત રાજ્યમાં ભારે નુકશાનથી થયેલી તારાજી અને સાંપ્રત સ્થિતિ અંગે રાજકીય, વહિવટી પાંખ સાથે સમીક્ષા બેઠક યોજશે તેમ મનાય છે. નરેન્દ્ર મોદી ૧૬મી સપ્ટેમ્બરે મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કામાં ગાંધીનગર (સેક્ટર-૧)થી ગિફ્ટ સિટી- મોટેરા રૂટનુ લોકાપર્ણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી સપ્ટેમ્બરની સાંજે ગુજરાત આવશે. ૧૬મી સપ્ટેમ્બરે મહાત્મા મંદિરમાં મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી દ્વારા આયોજીત ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો- ૨૦૨૪નો આરંભ કરશે. બાદમાં તેઓ ગાંધીનગરના સેક્ટર ૧ અને ૨ નજીકના મેટ્રો સ્ટેશનથી ટ્રેનમાં મુસાફરી કરીને ગિફ્ટ સિટી સ્ટેશન આવશે. ગિફ્ટ સિટીમાં રોકાણકર્તા, ફાઈનાન્સિયલ સર્વિસિર્સ અને માઈક્રોચિપ સહિતના ઉદ્યામીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. ગિફ્ટ સિટીથી તેઓ અમદાવાદ સ્થિત GMDC ગ્રાઉન્ડ ખાતે યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત સરકારી યોજના તેમજ વિકાસના કામોના લોકાર્પણ અને ખાતમૂર્હતના કાર્યક્રમને સંબોધશે. ત્યાંથી તેઓ પરત રાજભવન જશે. ૧૭મી સપ્ટેમ્બરે તેમના ૭૪માં જન્મદિવસે સવારે નવેક વાગ્યે અમદાવાદથી દિલ્હી જશે. આમ, ૧૫ અને ૧૬મી સપ્ટેમ્બર દરમિયાન બે રાત્રીના રોકાણ દરમિયાન નરેન્દ્ર મોદી સાથે રાજ્યમાં પુર અને તેનાથી સર્જાયેલી તારાજી સંદર્ભે મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળના સભ્યો, પ્રદેશ ભાજપના આગેવાનો તેમજ મુખ્યસચિવ તેમજ ઉચ્ચ અધિકારીઓની સાથે બેઠક યોજી સમીક્ષા- માર્ગદર્શન કરે તો નવાઈ નહી. ઉલ્લેખનિય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ પહેલા આગામી સપ્તાહે ભારત સરકારમાંથી રાજ્યમાં અતિવૃષ્ટીથી થયેલા નુકશાનનો તાગ મેળવવા ઉચ્ચ અધિકારીઓની ટીમ પણ અહી આવી રહી છે.


**NARMADA CLEAN TECH**
(a subsidiary of GIDC)
Surati Bhagor, Nr. Gujarat Gas Office, Umarwada Road,
Ankleshwar- 393 001, Di. Bharuch (Guj.), E-mail: info@nctc.co.in,
CIN :- U40101GJ2000NPL037236 **TEL NOS.: 8469745285, 9227576221**

**PRE-QUALIFICATION OF VENDORS**

Narmada Clean Tech invites expression of interest from vendors for pre-qualification of **5 MW Solar group captive plant (Ground Mounted) Design, Supply, Installation, Testing and Commissioning at Jhagadia premises including all statutory clearance starting from GEDA application to power utilization at Jhagadia Plant as well as FETP Ankleshwar Plant premises with including 1 year operation and maintenance.**
Please refer company website (www.nctc.co.in) for pre-qualification criteria and procedures.
Interested vendors may submit their credential the same within the required time frame i.e. by on or before 04.30 PM, 20th Sept-2024

**વિક્રેતાઓની પૂર્વ લાયકાત**

નર્મદા કલીન ટેક એફઈટીપી-ઝગડિયા ખાતે **5 MW** સોલર પાવર પ્લાન્ટ(મેદાન પર)ડીઝાઇન, સપ્લાય,ઈંસ્ટોલેશન,ટેસ્ટીગ અને કમીશનીગ(તમામ વેધાનીક મંજુરી જેવી કે **GEDA** રજીસ્ટ્રેશન થી લઇ ને ગ્રાહક ને વિજ વિતરણ(ઝઘડીયા તથા અંકલેશ્વર પ્લાન્ટ માટે) તથા ૧ વર્ષ ના ઓપરેશન અને મેન્ટેનન્સ સહીત) માટે પૂર્વ-લાયકાત ધરાવતા વિક્રેતાઓને આમંત્રણ આપે છે.
કૃપા કરી લાયકાત ધરાવતા વિક્રેતાઓએ નોંધણીની પ્રક્રિયા માટે કંપનીની વેબસાઇટ www.nctc.co.in પરથી માહિતી મેળવી લેવી.
રસ ધરાવતા વિક્રેતાઓએ તેમની યોગ્યતા માટેના જરૂરી કાગળોની કોપી તા.૨૦ મી સપ્ટેમ્બર ૨૦૨૪ (૦૪.૩૦) ના સમય મર્યાદામાં જમા કરી પૂર્ણ કરવી.


## બાળકી મળી આવેલ છે




| | | |
|---|---|---|
| ૧ | બાળકનું નામ | નંદીની (CWC એ પાડેલ નામ) |
| ૨ | જન્મ તારીખ / અંદાજિત ઉંમર | તાજુ જન્મેલ |
| ૩ | ઓળખની નિશાની | ગૌ-વર્ણ |
| ૪ | બાળક જ્યાંથી મળી આવેલ હોય તે સ્થળનું નામ અને સરનામું | તા.૦૨/૦૯/૨૦૨૪ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે રાયસણ ગામ તરફ જવાના રોડ ઉપર, પંકજ જોષીના ફાર્મ જવાના રસ્તે, તા.જિ.ગાંધીનગર |
| ૫ | પોલીસ સ્ટેશનનું નામ અને સરનામું | ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન, તા.જિ. ગાંધીનગર |
| ૬ | બાળક હાલમાં આશ્રય લઈ રહેલ છે તે સંસ્થાનું નામ અને સરનામું | સરકારી શિશુગૃહ, ડૉ. બાબા સાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય, બળિયાદેવ મંદિરની પાસે, સેક્ટર – ૧૫, તા.જિ.ગાંધીનગર |
| ૭ | જવાબદાર અધિકારીનો સંપર્ક નંબર | મેનેજરશ્રી – સરકારી શિશુગૃહ, ગાંધીનગર., મો. નં.- ૯૨૬૫૧૭૩૬૬૪ |

નોંધ : ૧. આ જાહેરાત બાળકના વાલી વારસને શોધવા માટે છે. બાળક દત્તક લેવા માટે www.cara.nic.in પર એપ્લાય કરવું.
૨. કાનૂની વાલી દ્વારા બાળકને પરત માંગવા માટે દિન-૬૦માં દાવો કરી શકે છે ત્યારબાદ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ – ૨૦૧૫ની કલમ ૩૮ મુજબ નિયમોનુસાર બાળકની આગળની કાર્યવાહી કરવામાં આવશે.
નોંધ : આ જાહેરાત બાળકના વાલી વારસને શોધવા માટે છે. બાળકને દત્તક આપવા નથી.

માહિતી/૯૨૯/૨૦૨૪-૨૫